# જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,પોરબંદર જિલ્લો,પોરબંદર

**ગુજરાત પોલીસ સને. ૧૯૫૧ અધિનિયમની કલમ–૩૩ ની પેટા કલમ–(૧)(બી) અન્વયે જાહેરનામું**

નં.એમએજી/સી/જાહેરનામુ/૩૩(૧)(બી)/૫૩૯૭/૨૦૨૧ તા.૨૬./૦૩/૨૦૨૧

## –:: જાહેરનામું ::–

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, પોરબંદરના પત્ર ક્રમાંક : મામવિ/પોર/૨૪૧, તા.૨૩/૦૨/૨૦૨૧ થી રાણાવાવ સીટી પોર્સન રોડ કી.મી. ૦/૦૦ થી ૫/૫૦ (ઓલ્ડ એન.એચ.) ઉપર હાલ કામગીરી પ્રગતિ હેઠળ હોય જેથી જયાં સુધી બોક્સ કલ્વર્ટની કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી વૈકલ્પિક રૂટ તરીકે જામનગર ચોકડીથી રાણાકંડોરણા તરફ જતા વાહનો માટે મરચા બજારથી કોર્ટ થઈ નેશનલ હાઈવે તરફનો રૂટ રહેશે તેમજ રાણાકંડોરણાથી રાણાવાવ તરફ આવતા વાહનોએ પીપળીયા પાટીયાથી રાણાવાવ (રાણાવાવ–પીપળીયા રોડ) તરફના રૂટ ઉપર વાહનો ડાયવર્ટ કરવા માટે જાહેરનામા પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. ઉકત દરખાસ્ત અન્વયે પોલીસ અધિક્ષકશ્રી પોરબંદર પાસેથી અભિપ્રાય મંગાવતા પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/રા.સી.પોર્સન/જા.ના./૪૬૪/૨૦૨૧, તા.૨૨/૦૩/૨૦૨૧ થી જાહેરનામું બહાર પાડવા સ્પષ્ટ અભિપ્રાય થઈ આવેલ છે. સબબ નીચે મુજબની વિગતે જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ, **હુ રાજેશ એમ.તન્ના, આઈ.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર** આથી હું ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)(બી) અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબની વિગતના રસ્તા ઉપર વાહન આવવા–જવા માટે મનાઈ ફરમાવું છું.

| ક્રમ | આ જાહેરનામાથી બંધ થતો રસ્તો | વૈકલ્પિક / ડાયવર્ટ કરેલ રસ્તાની વિગત |
|---|---|---|
| ૧ | રાણાવાવ સીટી પોર્સ રોડ કી.મી.૦/૦૦ થી ૫/૫૦ (ઓલ્ડ એન.એચ.) રસ્તો | જામનગર ચોકડીથી રાણાકંડોરણાથી રાણાવાવ તરફ જતા વાહનો માટે મરચા બજારથી કોર્ટ થઈ નેશનલ હાઈવે તરફનો રૂટ તેમજ રાણાકંડોરણાથી રાણાવાવ તરફ આવતા વાહનો માટે પીપળીયા પાટીયાથી રાણાવાવ (રાણાવાવ–પીપળીયા રોડ) તરફના રૂટ પર વાહનો પસાર કરવા ડાયવર્ટ કરવામાં આવે છે. |

આ જાહેરનામું તા.૨૬/૦૩/૨૦૨૧ થી બોકસ કલ્વર્ટની કામગીરી પુર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૧૩૧ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આજ તા.૨૬/૦૩/૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો મારી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

જિલ્લા મેજિસ્ટ્રેટ ની કચેરી
પોરબંદર

( રાજેશ એમ.તન્ના )
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

**નકલ સવિનય રવાના :–**

(૧) ઉપસચિવશ્રી ગૃહ વિભાગ ગુજરાત રાજય, નવા સચિવાલય, ગાંધીનગર ...જાણ અર્થે

**નકલ રવાના :–**

(૧) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર.

જાહેરનામાંની વધુ નકલો આ સાથે સામેલ છે. સદરહુ સ્થળે પ્રસિધ્ધી અર્થે

(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર ...જાણ અર્થે

(૩) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, કુતિયાણા ...જાણ અર્થે.

(૪) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગ્રામ્ય/શહેર, પોરબંદર ...અમલવારી અર્થે.

(૫) સહાયક માહિતી નિયામકશ્રી, પોરબંદર

જાહેરનામાંની વધુ નકલો આ સાથે સામેલ છે તો સમયસર સમાચારપત્રોમાં વિના મુલ્યે પ્રેસનોટ તરીકે પ્રસિધ્ધી અપાવવા વિનંતી છે.

(૬) એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી, રાણાવાવ ...જાણ અર્થે.

(૭) ચીફ ઓફીસરશ્રી, નગરપાલિકા, છાંયા ...અમલવારી અર્થે.

(૮) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધી કરવાની જાહેરનામાની નકલ અત્રે મોકલી આપવા સારૂં.

(૯) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, રાણાવાવ પોલીસ સ્ટેશન...અમલવારી અર્થે.

(૧૦) કાર્યપાલક ઈજનેરશ્રી,

માર્ગ અને મકાન વિભાગ, વસનજી ખેરાજ સ્કુલ પાછળ, રામજી મંદિર સામે, પોરબંદર

...બહોળી પ્રસિધ્ધી અને અમલવારી કરવા અર્થે

(૧૧) કચેરીના નોટીસ બોર્ડ ઉપર જાહેર પ્રસિધ્ધિ અર્થે.

૧૬